# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
### એરૂ ચાર રસ્તા, નવસારી

ડો. એ.એન સાબલપરા
**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
એકસ.૧૧૦૭
ફેકસ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૩/૭૫૫૫/૨૦૧૨ તા. ૦૬/૦૬/૨૦૧૨

# પરિપત્ર

અત્રેની યુનિવર્સિટી ખાતે અનુસ્નાતક કક્ષાએ થિસિસ ચકાસણીની પ્રક્રિયા સરળ બનાવવા માટે કચ્ચા બાઉન્ડ થિસિસ જમા કરવ્યાના બે મહિના પહેલાથી જ વિધ્યાર્થી ના મુખ્ય માર્ગદર્શક દ્રારા માસ્ટર ડિગ્રી કક્ષાએ ૩ અને પીએચ.ડી કક્ષાએ ૫ બાહ્ય પરિક્ષકોની પેનલ અત્રેની કચેરીને આચાર્યશ્રી મારફત મોકલવામાં આવે છે. મુખ્ય માર્ગદર્શક દ્રારા જમા કરવામા આવતી આ પેનલમાં કેટલાક કિસ્સાઓમાં નીચે મુજબની ક્ષતિઓ જોવા મળેલ છે

૧. માસ્ટર ડિગ્રી કક્ષાએ ત્રણ નામોમાં તમામ નામ મદદનીશ પ્રાધ્યાપક કક્ષાના પરિક્ષકોના જ નામ મોકલવામાં આવે છે.
૨. પીએચ.ડી કક્ષાએ પાંચ નામોમાં પણ મદદનીશ પ્રાધ્યાપક કક્ષાના પરિક્ષકોના નામનુ સુચન કરવામાં આવે છે.
૩. એક જ વિષયની અલગ અલગ પેનલમાં પણ એક જ સરખા પરિક્ષકોનો નામનો ઉલ્લેખ હોય છે.

આથી સર્વે મુખ્ય માર્ગદર્શકોને જણાવાનુ કે માસ્ટર ડિગ્રી કક્ષાએ ત્રણ નામોમાં પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક અને સમકક્ષ સંવર્ગ કક્ષાના નામનો જ સમાવેશ કરવો તેમજ અમુક જ વિષયો જેમાં સિનિયર પ્રાધ્યાપકો ઉપલબ્ધ ન હોય તો માત્ર એક જ મદદનીશ પ્રાધ્યાપક કક્ષાના પરિક્ષકોનો સમાવેશ કરવો. પીએચ.ડી કક્ષાએ પાંચ નામોમાં ફક્ત પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક અને સમકક્ષ સંવર્ગ કક્ષાના બાહ્ય પરિક્ષકોનુ જ સુચન કરવુ તેમજ મદદનીશ પ્રાધ્યાપક કક્ષાના પરિક્ષકોનો સમાવેશ કરવો નહિ.

તદઉપરાંત, એક જ મુખ્ય માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ એક કરતા વધારે વિધ્યાર્થીઓ હોય તો દરેક વિધ્યાર્થીની પેનલમાં અલગ અલગ બાહ્ય પરિક્ષકોના નામ મુકવા.

ઉપરોક્ત બાબતનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે અને જરૂર જણાશેતો અનુસ્નાતાધ્યક્ષશ્રી દ્રારા બાહ્ય પરિક્ષકોના નામમાં ફેરફાર કરવામાં આવશે જેની નોંધ લેવી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ